જૈનો જાગો અને જ્ઞાન સ્વભાવનાં અનુસંધાનમાં સર્વસાધકો માટે માર્ગદર્શક જ્ઞાન

# સ્વરૂપ સ્વભાવે - મુક્તિ પ્રભાવે

સારાંશ : ૫૮

રમેશ વૈજાણી

**અનંત ભવ-ભ્રમણમાં ફરતાં-ફરતાં અને અનંતા-અનંત (૮૪ લાખ) યોનિમાં જન્મ ધારણ કરતાં-કરતાં બાળજીવ ચારગતીની યોનિઓમાં ભટકે છે અને અનંતા-અનંત દુ:ખોને ભોગવે છે અને દુ:ખોનાં વેદન વેદે છે.** "કારણ-કે"
બાળજીવને મોક્ષ પ્રાપ્તી સર્વકાળે અને સર્વ ક્ષેત્રમાં અતિ-અતિ અત્યંત્ય મુશ્કેલ છે. "કારણ-કે"
બાળજીવને માનવભવ મળવો અતિ દુર્લભ છે અને માનવભવ મળે "ત્યારે" મોક્ષમાર્ગી ધર્મ સંપ્રદાયનો માનવભવ મળવો અતિ-અતિ દુર્લભ છે - મોક્ષમાર્ગી ધર્મ સંપ્રદાયનો માનવભવ મળે "ત્યારે" બાળજીવને સાધુ-સંસ્થાનો યોગ થવો અતિ દુર્લભ છે. સાધુ-સંસ્થાનો યોગ થાય "ત્યારે" તેમાંથી સુ-ગુરૂને શોધવાં-ઓળખવાં અતિ-અતિ દુર્લભ છે. (સાધુ-સંસ્થામાં સુ-ગુરૂઓ અને કુ-ગુરૂઓ બંનેની સમાન બાહ્ય વેશ અવસ્થાઓ હોય છે). સુ-ગુરૂને ઓળખ્યાં પછી તેમાં સ્થિરતાં સ્થાપવી અતિ દુર્લભ છે - તેમાં સ્થિરતાં સ્થાપીત કર્યા "પછી" તેમને જીવનમાં એક જ સુગુરૂ પદે સ્થાપીને શ્રધ્ધવાં અતિ-અતિ દુર્લભ છે. (ન-ગુરાઓ અને સગાવાદીઓ અનેકાનેક વિઘ્નો નાખે છે અને અડચણો ઉભી કરે છે, 'ત્યારે' બાળજીવે જીવનમાં 'એક જ શ્રી ગુરૂ પદે' સ્થાપેલાં સુ-ગુરૂને માનવાં-શ્રધ્ધવાં અતિ-અતિ અત્યંત્ય દુર્લભ બને છે). "અથવાં"
ઘણાં-ઘણાં બાળજીવો સ્વચ્છંદતાંમાં રાચતાં-રાચતાં ન-ગુરાપણામાં રહીને ધર્મની સાધનાં-આરાધનાં આરાધતાં-આરાધતાં કુ-ગુરૂઓનાં આશ્રયે આશ્રીત બને છે. "માટેજ"
બાળજીવ અનંત ભવ-ભ્રમણમાંથી અનંત ભવ-ભ્રમણમાં ભટકે છે અને અનંતા દુ:ખો ભોગવે છે. (ભવ-ભ્રમણનું પ્રમુખ કારણ બને છે).
"જ્યારે" જે બાળજીવો - માનવભવને શ્રેષ્ઠપણું ગણે છે. મોક્ષમાર્ગી સંપ્રદાયનાં માનવભવને સર્વશ્રેષ્ઠપણું ગણે છે અને સમય-સંજોગની અનુકુળતાં સહિત સાધુ-સંસ્થાનાં યોગને અતિ-અતિ દુર્લભ યોગ ગણે છે અને મોક્ષ પ્રાપ્તીની ઝુરણાંએ - આત્મધર્મની પ્રાપ્તી - આત્મજ્ઞાનની પ્રાપ્તીએ - મોક્ષધર્મની સાધનાં-આરાધનાં આરાધવાં માટે "જે-બાળજીવો"
ધર્મમાં - ધર્મનાં નામે શરમ રાખ્યાં વગર આદરપૂર્વક અને નિર્ભયતાં સહિત સાધુ-સંસ્થાનાં શ્રી ધર્માચાર્યો પાસેથી "પ્રથમ" આત્મધર્મ માગે - આત્મધર્મને જાણે અને આત્મધર્મને સમજીને સમજણપૂર્વક શ્રધ્ધે છે અને "જીવનમાં એક જ શ્રી સુગુરૂનું સ્થાપન કરીને ધર્મ સંપ્રદાયનાં પરંપરાગત વ્રતો-તપો-ત્યાગ આદિની ધર્મ સાધનાં-આરાધનાં આરાધે છે. "એવાં" બાળજીવો વર્તમાનનાં માનવભવનું સર્વશ્રેષ્ઠપણું પામીને માનવભવને સફળ અને સાર્થક કરે છે. "અને"
અલ્પભવોમાં મોક્ષગમનનો અધિકારી બને છે. "અથવાં"
જે બાળજીવો આગળનાં સારાંશોમાં વિચારેલાં પાંચ પ્રકારનાં સત્સંગમાંથી કોઈપણ "એક પ્રકારનાં" સત્સંગને આરાધે છે - શ્રધ્ધે છે અને "આત્મજ્ઞાનની" અહોવંદનાં કરે છે. "એવાં" બાળજીવો અલ્પભવોમાં મોક્ષગમનનાં અધિકારી બને છે. **(જે જ્ઞાનથી - જે ધર્મથી સતત આત્માની જાગૃતિ થાય - આત્માની જાગૃતિ અનુભવાય અને આત્મા ઉપયોગી બનાય "એજ" આત્મધર્મ "અને-એજ" મોક્ષધર્મ અને મોક્ષધર્મની સાધનાં કહેવાય).**

## "માનસિકતાં બદલે "એજ" મોક્ષમાર્ગી"

બાળજીવ જ્યારે અનાદીનાં વિભાવ સ્વરૂપની બનેલી માનસિકતાં "જેવી-કે" ભાવ-ઈચ્છાઓ-સમજણ-વિચારો-ચિત્તબુધ્ધી આદિને બદલવાં માટે - જે આધ્યાત્મિક પુરુષાર્થ કરે છે, "તેને" મોક્ષમાર્ગની ઉગ્ર સાધનાં "પણ" કહેવાય છે અને "તેને-માટે" જે બાળજીવ કાયાથી પાંચ મહાવ્રતો ધારણ કરીને સાધુપણું ગ્રહણ કરીને સાધુ-સંસ્થાની વ્યવસ્થામાં પ્રવેશે છે, તેને ભવ મુક્તિનો ઉગ્ર સાધક કહેવાય છે. (સાધુ-સંસ્થા "એ" મોક્ષમાર્ગની સાધનાંની સર્વશ્રેષ્ઠ વ્યવસ્થા કહી શકાય છે).
"અને" કાયાથી ધારણ કરેલાં પાંચ મહાવ્રતોને અને મુખ્ય પ્રમુખ બ્રહ્મચર્ય વ્રતને પાળવાં "માટે" અનાદીનાં ભાવ-ઈચ્છાઓ અને વિચારોને "ચિત્ત-બુધ્ધીમાંથી" સંપૂર્ણપણે કાઢવાનો-ભુલવાનો વિસ્મરણ કરવાનો બાળજીવ ઉગ્ર પુરુષાર્થ કરે છે. "અને-એ" પુરુષાર્થમાં ટકવામાં અને સફળ થવામાં "જ" સર્વશ્રેષ્ઠ સાધુપણું રહેલું છે અને બાળજીવ ધર્માત્મા બને છે (સાધુ કલંક રહિત રહે "તેવો" જીવન વ્યવહાર અને જીવન ઉપયોગ "એજ" સાચા સાધુ કહેવાય છે).
"જ્યારે" જે જીવાત્મા આત્મ સાક્ષાત્કારનાં લક્ષે આત્માનુભવનો ઉગ્ર પુરુષાર્થ કરે છે, "ત્યારે" જીવાત્માનાં ભાવ-ઈચ્છા-સમજણ-વિચારો અને ચિત્ત-બુધ્ધીમાં સંપૂર્ણ બ્રહ્મચર્ય વ્રત સહજ સ્વરૂપથી સ્થપાય જાય છે. "અને-જ્યારે"
જગતનાં વિસ્મરણે - દેહનાં વિસ્મરણે - આત્માનું સ્મરણ - આત્માનુંદર્શન અને આત્માનો અનુભવ થાય છે "ત્યારે"
જીવાત્માનો સ્વભાવ "જ" બ્રહ્મચર્ય સ્વરૂપનો બની જાય છે. (આત્મામાં ફરવાનું - બ્રહ્મમાં ચરવાનું વ્રત સહજ સ્વરૂપથી સ્થપાય છે).
"અને-આ" અવસ્થા જીવાત્મા ગૃહસ્થવેશમાં "કે" સાધુવેશમાં "ગમે-તે" વ્યવસ્થામાં પ્રાપ્ત કરે "તેને" આત્મ સાક્ષાત્કારી - આત્માનુભવી - સદગુરૂ-સંત કહેવાય છે. "અને-જે"
જીવાત્મા - આત્મ સાક્ષાત્કારથી આગળ વધવાં માટે - ઈચ્છા રહીતપણું ધારણ કરીને (સદેહે મનોનાશ કરીને) સમયનાં ભેદ - ભુલવાં (દિવસ-રાત્રીનાં) અને લિંગ ભેદ (સ્ત્રી-પુરુષનાં) ભુલવાંનો સહજ સ્વરૂપથી પ્રયાસ કરે છે અને ઘણાં-ઘણાં અંશે સફળ થઈને દ્રવ્યે કેવળીપણું ધારણ કરે છે, "તેને" એક અવતારી - મન:પર્યવજ્ઞાની - જ્ઞાન સ્વભાવી - સદ્ગુરૂ-સંત કહેવાય છે. "અને"
ઉપરની બંને અવસ્થાનાં જ્ઞાની-સદ્ગુરૂ-સંતો વર્તમાન કાળ-ક્ષેત્રમાં સરળતાંએ અને સહજતાંએ ગૃહસ્થવેશમાં થાય છે. "અને-એજ"
શ્રી ઈષ્ટદેવનું જ્ઞાન આજ્ઞાએ જ્ઞાન ફરમાન છે. "છતાં"
**એક અવતારી - મન:પર્યવજ્ઞાનીને - સંસારી વેશમાં અમાન્ય કરવાં "એજ" મોટો જ્ઞાનદોષ-જ્ઞાનદ્રોહ અને જ્ઞાનઘાત છે, "કારણ-કે" શ્રી ઈષ્ટદેવની જ્ઞાન અવજ્ઞા "એજ" મોટો જ્ઞાન અપરાધ અને જ્ઞાનધ્વંસ છે. (એક અવતારી - મન:પર્યવજ્ઞાની - સંસારી વેશ અવસ્થામાં પુર્વમાં થયેલાં છે - વર્તમાનમાં થાય છે અને ભવિષ્યમાં "પણ" થશે-થશે અને થશે જ.**

"જ્યારે" જે બાળજીવો જડતાં-મુંઢતાં-હઠાગ્રહ અને કદાગ્રહ ધારણ કરીને "માત્ર" વેશનાં આગ્રહી બનીને "કે" વેશથી ભય પામીને 'વેશ "જે" ધર્મ આપે "એજ" સાચો' એવાં આગ્રહમાં રાચનારાં બાળજીવો જાણતાં-અજાણતાં જ્ઞાનદ્રોહી-જ્ઞાનદોષી અને જ્ઞાનદ્વેષી બને છે અને વર્તમાનનાં સર્વશ્રેષ્ઠ માનવભવમાં અનેક પ્રકારનાં અનેક પ્રકારથી દુ:ખો ભોગવે છે. અને ઘણાં-ઘણાં ભવો સુધી સર્વશ્રેષ્ઠ માનવભવપણું ગુમાવીને ભવ-ભ્રમણમાં ભટકે છે. "ત્યારે"
જે બાળજીવો આત્મલક્ષી-આત્મધર્મની સાધનાં-આરાધનાં આરાધવાંવાળા અને "માત્ર" નિશ્ચયબોધનો "જ" ઉપદેશ અને વ્યાખ્યાન આપવાવાળાં શ્રી ધર્માચાર્યોને શોધીને તેમની જ આશ્રય-નિશ્રામાં રહે છે અને તેમની આજ્ઞા અનુસાર "જ" જીવનમાં સાધનાં-આરાધનાં આરાધે છે, એવાં બાળજીવો વર્તમાનભવમાં "જ" સુખ-શાંતિ અને આનંદની પ્રાપ્તી કરીને ભવ-ભ્રમણમાંથી છુટવાનાં અધિકારી બને છે. (સર્વકાળે અને સર્વ ક્ષેત્રોની સાધુ-સંસ્થામાં કુ-ગુરૂઓની સંખ્યા અને સમુહ મોટો હોય છે અને સુ-ગુરૂઓની સંખ્યા અને સમુહ અલ્પ અને મર્યાદીત સંખ્યામાં "જ" હોય છે).

### "સર્વ-સારાંશે"

બાળજીવને અનંત ભવ-ભ્રમણમાં ભટકવાનું અને અનંતા-અનંત દુ:ખો મળવાનું અને ભોગવવાનું પ્રમુખ કારણ **"બાળજીવની પુન્ય પ્રકૃતિનું બળવાનપણું"** ગણાય છે. "કારણ-કે"
પુન્ય પ્રકૃતિનાં બળવાનપણાંએ - બાળજીવનો દેહભાવ-સંસારભાવ અતિશય બળવાન બને છે. અને બાળજીવની ભય પ્રકૃતિ - લોભ પ્રકૃતિ અને હિંસક પ્રકૃતિ અતિશય બળવાન બનીને પ્રભાવીત થાય છે.
"માટેજ" શ્રી જ્ઞાન શાસ્ત્રોનાં રચયતાં પરમ જ્ઞાની પુરુષો - શ્રી શાસ્ત્રકારોએ - પુન્યલક્ષનો અને પુન્ય પ્રકૃતિનો સદા-સર્વદા નિષેધ ફરમાવ્યો છે. "અને"
**પુન્ય લક્ષ અને પુન્ય પ્રકૃતિ "જે" ધર્મથી બળવાન બને તેને "અધર્મ" ગણ્યો છે અને કહ્યો છે.** "અને"
સાધુ-સંસ્થામાં રહેલાં - જે ધર્માચાર્યો બાળજીવોને પુન્યલક્ષી બનાવીને પુન્યબોધનો ઉપદેશ આપીને - પુન્યબોધની સાધનાં-આરાધનાં આરાધાવે છે અને બાળજીવોની પુન્ય પ્રકૃતિને બળવાન અતિશય બળવાન બનાવરાવે છે. "તેઓ"
સાધુ-સંસ્થામાં રહેલાં કુ-ગુરૂઓ છે, "કે-જે" સાધુનો વેશ પહેરેલાં - વેશધારીઓ પણ કહેવાય છે. "કારણ-કે" સ્વયમ્ સાધુનો વેશ પહેરીને ભવ-ભ્રમણમાં ડુબે છે. "અને"
અન્ય બાળજીવોને - વેશ દેખાડીને ભવ-ભ્રમણમાં ડુબાડે છે, "માટેજ" તેઓ સાધુ-સંસ્થામાં રહેલાં કુ-ગુરૂઓ કહેવાય છે.

"પ્રમુખ - પાંચ પ્રકારની - મર્યાદા સમકિત"
કાળ મર્યાદાનું સમકિત - ભાવ મર્યાદાનું સમકિત
દ્રવ્ય મર્યાદાનું સમકિત - ક્ષેત્ર મર્યાદાનું સમકિત
"અને"
ભવ મર્યાદાનું સમકિત - સમ્યક દર્શન અને
"એ" જે જીવાત્મા સાધે "એજ" સિધ્ધ સ્વરૂપ"

# "મોક્ષ માર્ગ માગે "એજ" સાચા શ્રાવક-શ્રાવિકા અને મોક્ષ માર્ગ આપે "એજ" સાચા સુ-ગુરૂ"

**જીવ નિગોદમાંથી નિકળીને "જ્યારે" જગતમાં આવે છે, "ત્યારે" જીવ જીવન વિકાસ ક્રમનાં આધારે આગળ વધે છે અને આગળ વધતાં-વધતાં "જીવ" એક ઈન્દ્રિય - બે ઈન્દ્રિય - ત્રણ ઈન્દ્રિય - ચાર ઈન્દ્રિય અને પાંચ ઈન્દ્રિયપણું પ્રાપ્ત કરે છે, જેને આપણે માનવભવપણું કહીએ છીએ.** "આવી રીતે" - ભવ-ભ્રમણમાં ફરતાં-ફરતાં "જીવ" પ્રથમ વખત માનવભવ પામે છે અને અનેક વખત ત્રણ પ્રકારનાં માનવભવનાં ફળ-પરિણામે અને ઉપદેશબોધ અને નિતીશાસ્ત્રોની સાધનાં-આરાધનાને આધારે બાળજીવને ચોથા અને પાંચમાં પ્રકારનાં માનવભવની પ્રાપ્તી થાય છે (આગળનાં લેખાંકમાં પ્રમુખ પાંચ પ્રકારની અવસ્થાનાં માનવભવની વિચારણાં વિચારેલી છે).
"આવાં" અનેક મોક્ષમાર્ગી ધર્મ સંપ્રદાયનાં -

સદ્ગુરૂ-સંતનાં બ્રહ્મચર્ય સ્વભાવનું પ્રમુખ-પ્રખર અને પ્રગટ લક્ષણ છે :- **વચન સિધ્ધી - જ્ઞાન લબ્ધી - વચનકાર્ય રીધ્ધી અને સહજ સ્વરૂપથી આરોગ્યપ્રદાન લબ્ધી**
"કે-જે-માત્ર" નામ સ્મરણથી - દર્શન માત્રથી અને આશીર્વાદ સ્વરૂપથી "નિમિત્ત-માત્રએ" બાળજીવોને આરોગ્ય પ્રદાન થાય છે. "એજ" "એક-માત્ર-કારણ" સહજ બ્રહ્મચર્ય સ્વભાવનું અનંતા-અનંત લબ્ધીફળ છે. "કારણ-કે"
જગતમાં અનેક લબ્ધીઓ - અનેક પ્રકારથી પ્રાપ્ત થઈ શકે છે, "પણ" સમ્યકજ્ઞાન (મોક્ષજ્ઞાન) પ્રગટાવવાનું અખંડ જ્ઞાન પ્રકાશીત કરવાં "માટે" આત્મ સાક્ષાત્કારી "કે" મન:પર્યવજ્ઞાની - જ્ઞાન સ્વભાવી "કે" કેવળજ્ઞાની બનવાં "માટે" જગતમાં કોઈ મંત્રશાસ્ત્રો નથી "કે" તેની કોઈ મંત્ર સાધનાં નથી "એ-માત્ર" આત્માનાં બંધનોથી મુક્ત અવસ્થા પામીને "જ" પ્રાપ્ત કરી શકાય છે, "અને-એ-માટે" જગત વિસ્મરણ અને દેહાતિત ભાવ"જ" એક-માત્ર સાધનાં-આરાધનાં છે.
"અને-માટેજ" નાના-મોટા ગામ-નગરોમાં રહેલાં "કે" ધર્માચાર્યો અને શ્રી શાસ્ત્રોને જાણ્યાં વગરની અવસ્થામાં રહેવાં "છતાં" જીવાત્માઓ - આત્મ સાક્ષાત્કારનો - આત્માનુભવનો અનુભવ અનુભવે છે. અને મન:પર્યવજ્ઞાન પ્રગટાવીને - જ્ઞાન સ્વભાવી બને છે. અને ગૃહસ્થવેશમાં રહી શકે છે. "એજ"
જ્ઞાનની પરમ પવિત્રતાં છે, "કે-જેને" અજ્ઞાન અભડાવી શકતું નથી અને જ્ઞાન-જ્ઞાનમાં જ રહે છે. "અને-એજ"
જ્ઞાનની અને મોક્ષમાર્ગની અતિ-અતિ અત્યંત્ય વિશિષ્ટતાં છે. (મોક્ષમાર્ગમાં પ્રવેશવાથી લઈને - કેવળજ્ઞાનની પ્રાપ્તી સુધી ક્યાંય સાધુપણું લેવું જરૂરી નથી- સંસારમાં રહીને સંસારી વેશે સર્વ પ્રકારની જ્ઞાન અવસ્થાની પ્રાપ્તી સરળ અને સહજ છે).

## "જ્ઞાન એજ આત્મા "અને" આત્મા એજ જ્ઞાન છે"

**જ્ઞાનની પાંચ સ્થિતી :-** મતિજ્ઞાન - શ્રુતજ્ઞાન - અવધિજ્ઞાન - મન:પર્યવજ્ઞાન અને કેવળજ્ઞાન.
**જ્ઞાનની પાંચ અવસ્થા :-** જ્ઞાનદોષથી બચવું - જ્ઞાનયોગની સમિપ આવવું - જ્ઞાનયોગમાં પ્રવેશવું અને આરાધવું - જ્ઞાનને શ્રધ્ધવું અને અનુભવવું - જ્ઞાનને અનુભવવું અને પ્રગટ કરવું.
**જ્ઞાન પ્રાપ્તીની પાંચ વ્યવસ્થા :-** બાળજીવ પાંચ પ્રકારનાં સત્સંગો થકી - અજ્ઞાન અવસ્થા ટાળીને - ભવ મર્યાદાનું સમકિત - સમ્યક દર્શન પામીને - જ્ઞાનને શ્રધ્ધે અને અનુભવે છે. (બાળજીવ પાંચ ઈન્દ્રિયો ઉપર કાબુ ધરાવે છે અને નિયંત્રણમાં રાખે છે). "અને"
નમસ્કાર જ્ઞાન મંત્રનાં - પાંચ પદોની - સમન્વયતાં પામીને - જીવાત્મા એકરૂપતાં ધારણ કરે છે.
"અને" બાળજીવ - અજ્ઞાનમાંથી - કેવળજ્ઞાની બને છે. "એજ"
જ્ઞાનની શ્રેષ્ઠતાં અને મોક્ષની વિશિષ્ઠતાં છે. "માટેજ"
**જ્ઞાન એજ (શુધ્ધ) જ્ઞાન છે - અને બીજુ બધું અજ્ઞાન - અજ્ઞાન અને 'માત્ર' અજ્ઞાન'જ' છે.**
"કારણ-કે"
આત્માનું બંધારણ જ્ઞાન છે - આત્માનો સ્વભાવ જ્ઞાન છે. "અને" આત્માનો ઉપયોગ "પણ" જ્ઞાનને જોવું-જાણવું અને અનુભવવાનો છે. (આવરણો હટવાથી)
"માટે" આવરણો હટાવવાં "એ" સાધનાં-પુરુષાર્થ છે. "અને"
આવરણો હટવાથી "જે" પ્રગટ થાય "એજ" જ્ઞાન છે.

માનવભવમાં કરેલી "સાધનાં-આરાધનાનાં - ભાગ્યનાં યોગે" અને "અનેક વખત ગ્રહણ કરેલાં - સાધુ આચારનાં આધારે" બાળજીવને મળે છે - જગતનાં સર્વશ્રેષ્ઠ મોક્ષમાર્ગી ધર્મ સંપ્રદાયનો માનવભવ "કે-જેને" સર્વશ્રેષ્ઠ માનવભવ કહી શકાય છે, "માટે"
બાળજીવને મોક્ષમાર્ગી ધર્મ સંપ્રદાયનો સર્વશ્રેષ્ઠ માનવભવ અતિ-અતિ અત્યંત્ય દુર્લભતાંએ અને અલભ્યતાંએ પ્રાપ્ત થાય છે. "કારણ-કે"
નિગોદમાંથી નિકળેલાં "જીવને" મોક્ષ પ્રાપ્તી સુધીમાં નિયમથી "માત્ર" એક વખત ઉપદેશબોધની (નિતીશાસ્ત્રોની) આરાધનાં અને એક વખત સાધુપણું ગ્રહણ કરવાની આવશ્યકતા પડે છે, "પછી" ભવો-ભવ કે કેવળજ્ઞાનની પ્રાપ્તીમાં "પણ" સાધુપણાંની જરૂરીયાત "કે" આવશ્યકતાં રહેતી નથી. "અને"
બાળજીવે પુર્વમાં"જ" ઉપદેશબોધની આરાધનાં અને સાધુપણાંનાં ગ્રહણનાં ફળ-પરિણામે "જ" "વર્તમાનનો માનવભવ" સર્વશ્રેષ્ઠ મોક્ષમાર્ગી ધર્મ સંપ્રદાયનાં સર્વશ્રેષ્ઠ માનવભવની લગભગ પ્રાપ્તી થયેલી હોય છે. "માટે"
વર્તમાન સર્વશ્રેષ્ઠ માનવભવમાં બાળજીવે ઉપદેશબોધનાં "નામે" પુન્યબોધની સાધનાં-આરાધનાં આરાધવી "કે" વ્યવહાર ધર્મનાં "નામે" ભ્રમણબોધની સાધનાં-આરાધનાં આરાધવી "કે-પછી" ભવ-ભ્રમણથી છુટવા "માટે" ભવ-મુક્તિ મેળવવાં "માટે" આત્મજ્ઞાનની આત્મધર્મની - મોક્ષધર્મની સાધનાં-આરાધનાં આરાધવી - તેનો વિચાર વિચારવંત આત્માર્થી જીવો આત્માર્થે વિચારે- "એમાંજ" આત્મહીત રહેલું છે - આત્મ કલ્યાણ રહેલું છે, "અને-એજ" - "એક-માત્ર-ઉપાય" મોક્ષ પ્રાપ્તીનો - મોક્ષમાર્ગની પ્રાપ્તીનો રહેલો છે "કે-જે" સદા-સર્વદા સત્યાર્થ છે.

"માટેજ" મોક્ષમાર્ગી ધર્મ સંપ્રદાયનાં સર્વશ્રેષ્ઠ માનવભવમાં બાળજીવ પ્રમુખ પાંચ પ્રકારનાં સત્સંગમાંથી કોઈપણ એક પ્રકારનાં સત્સંગની સાધનાં-આરાધનાં થકી - મોક્ષમાર્ગનો - મોક્ષ પ્રાપ્તીનો અધિકાર પ્રાપ્ત કરે છે, "એજ" કળયુગનાં પાંચમાં આરાનાં "વર્તમાન ક્ષેત્રની" સર્વશ્રેષ્ઠતાં અને અતિ વિશિષ્ઠતાં છે અને બાળજીવ મોક્ષ પ્રાપ્તીનો અધિકારી બને છે, "અને-આજ-ક્રમ" પાંચમાં આરાનાં અંત સુધી ચાલુ રહેશે "અને-એજ-આધારે" મોક્ષમાર્ગ "પ્રકાશીત અને પ્રભાવીત" રહેશે. અને બાળજીવો "માત્ર" સત્યની ઝુરણાંએ અને અલ્પ પ્રયાસે - અલ્પભવી અને મર્યાદીત ભવી બનીને - સર્વ સમય માટેનાં - શાશ્વતાં સુખને પામશે. "એજ" વર્તમાન કાળ-ક્ષેત્રની અતિ-અતિ અત્યંત્ય ઉત્કૃષ્ટતાં છે. (આગળનાં લેખાંકોમાં પ્રમુખ પાંચ પ્રકારનાં આત્મજ્ઞાન-ધર્મનાં સત્સંગોની વિચારણાં વિચારેલી છે).

### "સર્વ-સારાંશે"

બાળજીવને અનંત ભવ-ભ્રમણમાં ફરતાં-ફરતાં જ્યારે-જ્યારે માનવભવ મળ્યો - મોક્ષમાર્ગી ધર્મ સંપ્રદાયનો સર્વશ્રેષ્ઠ માનવભવ મળ્યો ત્યારે-ત્યારે બાળજીવે મોક્ષપ્રાપ્તીની ચર્ચા-વિચારણાંઓ કરી અને અનેક પ્રકારની મોક્ષ પ્રાપ્તીની વાતો "કે" વાર્તાઓ કરી અને ધર્મ સંપ્રદાયનાં પરંપરાગત વ્રતો-તપો કે "ધર્મ સંપ્રદાયનાં લક્ષણોમાં-જ" મોક્ષ માનીને કહેવાતા ધર્મની સાધનાં-આરાધનાંઓ કરીને બાળજીવ સદા-સતત મોક્ષથી અને મોક્ષમાર્ગથી દુર"જ" રહ્યો અને માનવભવને અજ્ઞાનતાંથી વેડફી નાખ્યો "એજ" ભવ-ભ્રમણમાં ફરવાનાં કારણોમાં પ્રમુખ કારણ બને છે અને ગણાય છે.
"જ્યારે"
**અનાદીનાં ભવ-ભ્રમણનાં અભ્યાસથી બનેલી બાળજીવની દેહભાવ સ્વરૂપની બનેલી માનસિકતાં**

"ભાવ-મન-બુધ્ધી-કાયા અને કાર્ય"
પ્રકૃતિ પ્રભાવિત થાય છે, 'ત્યારે' ભાવો થાય છે- ભાવો થાય "ત્યારે" ઈચ્છા જાગૃત થાય છે - ઈચ્છા જાગૃત થાય છે "ત્યારે" વિચારો આવે છે- વિચારો આવે છે "ત્યારે" દેહ કાર્યરત થાય છે- દેહ કાર્યરત થાય છે "ત્યારે" કાર્ય થાય છે.
"અને"
કાર્યની સફળતાં- નિષ્ફળતાં પુર્વ આધિન હોય છે.
"અને"
દેહની અવસ્થા પ્રમાદયુક્ત 'કે' પુરુષાર્થયુક્ત હોય છે.
વિચારો વર્તમાનભવનાં સંસ્કાર આધિન હોય છે.
ઈચ્છાઓ સંજોગો આધિન પ્રકાશીત થાય છે.
ભાવ-કર્મ આધિન રસયુક્ત 'કે' નિરસ હોય છે.
"અને"
પ્રકૃતિ - યોનિ આધારીત - કાળ અને ક્ષેત્રને આધિન વર્તે છે. "અને-તેથી જ"
જેમની પ્રકૃતિઓનો ક્ષય થયેલો છે,
"માટે" ભાવ પ્રગટતાં નથી -
ભાવ પ્રગટતાં નથી,
"માટે" ઈચ્છાઓનો ક્ષય થયો છે -
ઈચ્છાઓનો ક્ષય થયો છે,
"માટે" વિચારો આવતા નથી -
વિચારો આવતા નથી,
"માટે" દેહાતિત અનુભવ અનુભવે છે-
દેહાતિતનો અનુભવ અનુભવે છે,
"માટે" દેહથી કાર્યો કરતા નથી -
"છતાં" જીવન જીવવાનું જે કાર્ય થાય છે,
"એ-માત્ર" ઉદય કર્મ જ છે. "અને"
એ જેમને વર્તાય છે - "એજ"
એક અવતારી - મન:પર્યવજ્ઞાની -
જ્ઞાન સ્વભાવી - સદ્ગુરૂ-સંત કહેવાય છે.

**"બદલાવવાં-માટે" શ્રી ઈષ્ટદેવોએ આપેલા જીવન પર્યંત ઉપદેશ-દેશનાંનું જ્ઞાન અને શ્રી મોક્ષજ્ઞાન શાસ્ત્રોમાં રહેલાં જ્ઞાનનું "કે" સદ્ગુરૂ-સંતોએ આપેલાં જ્ઞાનામૃતનાં - જ્ઞાનનો આધાર લઈને બાળજીવ જીવન વિતાવે તો - બાળજીવની દેહભાવ સ્વરૂપની માનસિકતાં બદલાવવી પડતી નથી "પણ" સરળ અને સહજતાંએ બદલાય જાય છે. અને બાળજીવની આત્મભાવ-સ્વરૂપની માનસિકતાં અને સ્વભાવ સહજતાંએ (પ્રગટ) ધારણ થાય છે. અને બાળજીવે મોક્ષ માગવો પડતો નથી "પણ" આત્મભાવ-સ્વરૂપની માનસિકતાંનો સ્વભાવ જ મોક્ષ છે - મોક્ષગમન છે. અને બાળજીવ અલ્પભવોમાં મોક્ષગમનની પ્રાપ્તી કરે છે.** "માટેજ"
અજ્ઞાનને ટાળવાં - મોક્ષજ્ઞાનને જાણવું અને મોક્ષધર્મને માનવો 'એ' મોક્ષમાર્ગનું પ્રથમ ચરણ છે.
આનંદ - આનંદ - આનંદ
પ્રભુ - પ્રભુ - પ્રભુ

Website : www.jainojago.com

સંપર્ક : કીર્તિ શાહ ✆ ૩૪૪ ૮૩૭૦ ★ જીતેન્દ્ર શાહ ✆ ૩૪૭ ૬૯૬૧ ★ કૌશિક ભાયાણી ✆ ૫૬૦ ૬૭૦૪